# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૧૧ • સળંગ અંક ૬૯ • મુંબઈ • ઑગસ્ટ, ૨૦૧૨ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજન,
જય જિનેન્દ્ર!

*સોનેરી સોણલા જિંદગીના અધુરા રહી જાય છે,*
*દર્દ હૈયામાં છુપાયેલ આંસુ બની વહી જાય છે;*
*સર્વથા અને સર્વદા જે કહેતા અમે સાથે છીએ,*
*ખબર નથી કેવી રીતે અલવિદા કહી જાય છે!*

**૬૫ મા સ્વાતંત્ર્ય દિનની દિવ્ય પરોઢે :**

વર્તમાન વિશ્વમાં જીવતા આપણે બૌદ્ધિક રીતે અપ્રમાણિક થઈ રહ્યા છીએ, એકાંત અને મૌનની સમૃદ્ધિ આપણે માણી શકતા નથી. વિસ્મયજનક સૌંદર્ય અને શાંતિની ક્ષણો આપણે વિસરી ગયા છીએ. ઊગતા સૂરજના કિરણ સાથે આપણો અંતરઆત્મા ઊઘડવો જોઈએ. મ્હાયલામાં કિરણોનું રંગીન અને રોમાંચક રમખાણ થવું જોઈએ. પારાવાર પ્રાકૃતિકના સૌંદર્યને આપણે સતત જોતા રહીશું તો એક એક ક્ષણ સુંદર લાગશે કારણ કે ક્ષણનો સંબંધ અનંત સાથે છે. જિંદગીને વરદાન સમજી પ્રત્યેક દિવસને પ્રથમ દિવસ સમજી પ્રત્યેક દિવસ ધબકતી જિંદગી છે તેવી લિપિ ઘૂંટવી જોઈએ. આ જ સૌંદર્ય શાંતિનું પ્રશાંતિમાં રૂપાંતર કરશે. તમે કોઈને પ્રેમ કરો અને કોઈ તમને પ્રેમ કરે એ બંને ઘટના સાથે ઘટે તો સમજવું કે ઈશ્વરની અસિમ કૃપા તમારા પર વરસી રહી છે. ૬૫માં સ્વાતંત્ર્ય દિવસની નવલી ઉષાએ સંસ્થા, સમાજ અને દેશ માટે આપણી નૈતિક ફરજ સાથેના યોગદાન માટે તત્પર રહીએ.

**પ્રતિબિંબની પગથારે :**

વર્ષ ૧૯૭૯ ની ૧૫ મી ઓગસ્ટે જ્ઞાન, દર્શન અને ચારિત્રને વરેલ **શ્રી પાટણ જૈન મંડળનું** મુખપત્ર **'પાટણ પ્રતિબિંબ'** ૩૪ માં વર્ષમાં ઝળહળતો પ્રવેશ કરી સાંપ્રત યુગના ધડકાર અને પડકારને સ્પર્શવાનો તથા સમાજના સભ્યોની અપેક્ષા અને આશાઓ સંતોષવાનો ભવ્ય પુરુષાર્થ કરે છે.

**'પાટણ પ્રતિબિંબે'** સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓથી લોકોને માહિતગાર કરી બહુમૂલ્ય સેવાની ઝાંખી કરાવી પાટણ સમાજનું એક અવિભાજ્ય અંગ બની અને સંસ્થાને ગૌરવ અને ગર્વ પ્રદાન કર્યું છે.

વિવિધ જ્ઞાનસભર, બુદ્ધિવર્ધક લેખો અને હૈયાને હાંક મારતી કવિતાઓ અને સામાજિક સમાચારોથી પ્રતિબિંબ સતત ઊભરી રહ્યું છે. પ્રતિબિંબના તંત્રીઓ તથા સંપાદક સમિતિને સર્જનયાત્રાની સફળતાના સારથી ગણી અભિનંદન પાઠવું છું. આપ સૌ વાંચકોના અભિપ્રાય અને સલાહસૂચનો ચોક્કસપણે આવકાર્ય છે. મૌલિક લખાણ પ્રતિબિંબને વધુ ને વધુ લોકભોગ્ય બનાવશે તે નિશ્ચિત છે.

**વસતી પત્રક તથા યુવક-યુવતી પરિચય પુસ્તિકા :**

આપ સૌને વિદિત છે કે શતાબ્દી વર્ષમાં પ્રવેશેલી આપણી સંસ્થા ચાલુ વર્ષ દરમ્યાન વસતી પત્રક પ્રકાશન કરવા કૃત નિશ્ચયી છે. માહિતી ફોર્મના સારા પ્રતિસાદ છતાં વધુ સહકારની અપેક્ષા અસ્થાને નથી. અંદાજે ૭૦ ટકા જેટલા વસતી પત્રકના ફોર્મ ભરાઈને આવી ગયા છે. તે જ પ્રમાણે યુવક-યુવતિની માહિતી માટેના ૭૦૦ ફોર્મ પણ ભરાયા છે. **ફરી એક વખત આપ**

### ૩૪મા વર્ષના સુવર્ણ પ્રભાતે...

વિવિધ પ્રવૃત્તિઓની માહિતી, સંસ્થા સમાચાર, દાનગંગાના પ્રવાહો, જ્ઞાન ગોષ્ટિ, ગમ્મત અને જ્ઞાનસભર લેખો, કાવ્યો તથા સામાજિક વિષયોને આવરી **'પ્રતિબિંબે'** પટણીઓને એકાંતમાંથી અનેકાંત તરફ દોર્યા છે.

**'પાટણ પ્રતિબિંબ'**ની સફળતા અને જશના અધિકારી **દાનવીરો, આજીમાજી સંપાદકો અને સમિતિ સભ્યો, લેખકો, કવિઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા આપ વાંચક મહાનુભાવો** જ છો. સંસ્થા અને સમાજ વચ્ચેનો સંબંધ અતૂટ રાખવા અને પ્રતિબિંબને ધબકતું રાખવામાં **સંસ્થાના કાર્યાલયના સભ્યોનો** ફાળો અનન્ય રહ્યો છે.

**'પાટણ પ્રતિબિંબ'** દ્વારા વધુ માહિતી પૂર્ણ રસથાળ પીરસવાની અમારી ખેવના છે. પ્રતિભા અને આભાના ઓજસ ધરાવતા આપણા સમાજે પ્રબળ પ્રારબ્ધ અને પુરૂષાર્થ વાળા અનેક વિરલાઓ આપ્યા છે, જેમની સૌમ્ય સેવાએ ચિરંતન ચૈતન્યની જ્યોત પ્રજ્વલિત રાખી છે. સફળતાના સારથિઓનો સાદર આભાર!

□ સંપાદક સમિતિ

**સૌને મારી નમ્ર વિનંતિ છે કે આપના માહિતી પત્રક બાકી હોય તો સત્વરે મોકલી આપશો જેથી છપાઈ કામ તાત્કાલિક ચાલુ કરી શકાય અને સમયસર પ્રકાશન કરી શકાય.**

**જીવન સૌરભ :**

શ્રી પાટણ જૈન મંડળ, જીવન સૌરભ સમિતિના નેજા હેઠળ **શ્રીમતી સુશિલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાયબા)** સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત રવિવાર તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ બિરલા માતુશ્રી સભાગૃહ મરીન લાઈન્સ મધ્યે **ડૉ. રાહુલ જોષી** પ્રસ્તુત **સુર સ્વાસ્થ્યમ્**નો સંગીત સભર અદ્‌ભૂત કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જીવન સૌરભના મંત્રીઓ તથા સમિતિ સભ્યો ઉક્ત કાર્યક્રમની સફળતા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે જે માટે તેઓને હાર્દિક શુભેચ્છા. આપ સૌ મહાનુભાવોને નમ્ર વિનંતિ છે કે વર્તમાન સમયમાં **સ્ટ્રેસ લેવલ**ને સંયમિત કરવા અને જીવનની પ્રત્યેક ક્ષણનો આનંદ માણવા આ કાર્યક્રમ ચૂકશો નહીં. ઉક્ત કાર્યક્રમ વિષેની માહિતી આ અંકમાં બાજુમાં જ આપવામાં આવી છે, જે આપની જાણ ખાતર! વયસ્ક વડીલોની આવશ્યકતાને લક્ષમાં રાખી આ અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**પર્યુષણ મહાપર્વ ચિંતનાર્થે :**

**ઈશ્વરે બોધ આપ્યો, સેવા, કરૂણા, દયા, દાન, સમતાનો**
**કરીએ સંકલ્પ પાલક બની મહાવીરના સંતાનો !**

મહાપર્વ પર્યુષણની પધરામણીની નોબત વાગી રહી છે. થોડું સમયોચિત ચિંતન કરી લઈએ. આપણે પોતા માટે સંપત્તિનો સંચય કરીએ છીએ અને વંચિતો પ્રત્યેની ફરજ નિભાવી શકતા નથી. સ્વમતિ છોડી સન્મતિ પામવાનો અથાગ પ્રયત્ન આદરવો જોઈએ. જન્મ્યા પહેલાં જે આપણું હતું નહીં અને મરણ બાદ જે આપણું રહેવાનું નથી તેને દાન કેવી રીતે કહેવાય. આટલું સમજી સમર્પણ કરીએ તો સિદ્ધત્વના હકદાર બનાય પૈસો અને પડછાયો બન્ને સમાન છે. જેવું આપણે પડછાયાથી મોઢું ફેરવીએ એટલે એ આપણી પાછળ લાંબો થતો જાય. જે પર છે તેજ પરિગ્રહ છે અને પરિગ્રહનો ત્યાગ એ જ મહાદાન છે. જ્યારે સઘળું છુટી જાશે ત્યારે જ સંસારથી મુક્તિ મળશે અને મોક્ષગામી બનાશે. પરિગ્રહ છોડવાના ભાવ સાથે છોડેલી સંપત્તિ એ માત્ર દાન નથી પણ એ દાન આદાન અને પ્રદાન છે. આભાર!

મિચ્છામિ દુક્કડમ્ !

**દિનેશ રસિકલાલ શાહ**
**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## સાવધાન

**સમાજના કેટલાક સભ્યોના મોબાઈલ ઉપર અથવા તો ઇમેઈલ દ્વારા છેલ્લા બે-ત્રણ માસથી patanjain.com વેબસાઈટ ડેવલપમેન્ટ કરી પાટણ પરિવારનું વૃક્ષ બનાવવા માટે પરિવારજનોની પૂર્ણ માહિતી મોકલવા મેસેજ આવે છે. અથવા તો સમાજના કો'ક સભ્યના મૃત્યુના સમાચાર મેસેજ કરાય છે, જેના પરત્વે બિલકુલ ધ્યાન ન આપશો. ઉક્ત વેબસાઈટ આપણી અધિકૃત વેબસાઈટ નથી. તેમજ આપના પરિવારજનોની માહિતી પણ નહિ આપવા ભારપૂર્વક વિનંતી છે. આવા કોઈપણ મેસેજ શ્રી પાટણ જૈન મંડળ દ્વારા મોકલવામાં આવતા નથી, જે વિદિત થાય.**

**મંડળની અધિકૃત વેબસાઈટ-patanmandal.org છે. અને મંડળનું ઈમેઈલ એડ્રેસ patanmandal@gmail.com છે, જેની ખાસ નોંધ લેશો.**

## શ્રી પાટણ જૈન મંડળ

**જીવન સૌરભ સમિતિ આયોજીત**

**શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિનિધિ પ્રેરીત**

## ડૉ. રાહુલ જોશી પ્રસ્તુત
## સુર સ્વાસ્થ્યમ્

સંગીત સભર ક્લીનીકમાં સંગીત દ્વારા તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. સંગીત એક અપૂર્વ ઉપચાર છે. જેના દ્વારા મગજ અને શરીરને સંતુલીત રાખી શકાય, તેમજ આપણાં સ્ટ્રેસ લેવલને પણ મહદઅંશે સંયમિત કરી શકાય છે અને તમે જીવનની પ્રત્યેક ક્ષણોને આનંદપૂર્વક માણી શકો છો.

સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના સભ્યો માટે **સ્વાસ્થ્યની સજાગતા** સંગીતના સથવારે માણવા યોગ્ય અદ્વિતિય કાર્યક્રમનું નીચેની વિગતે આયોજન કરવામાં આવેલ છે, જેમાં આપ સર્વેને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

દિનાંક : રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ સમય : સવારે ૯-૩૦ કલાકે

સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

**ડોનેશન કાર્ડ : રૂા. ૫૦/-**

કાર્યક્રમ બાદ **અલ્પાહાર**ની વ્યવસ્થા રાખેલ છે.

**અલ્પાહાર :** સુંદરાબાઈ હૉલ, મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

**☐ જીવન સૌરભ સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ

**વાર્ષિક પારિતોષિક વિતરણ સમારંભ**

મંડળ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી પ્રતિભાઓનું અભિવાદન કરવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કૉલેજ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેમજ પરફોર્મીંગ આર્ટના ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણવત્તા પ્રાપ્ત કરનાર કલાકારો અને વર્ષ દરમ્યાન **પાટણ પ્રતિબિંબ**માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા)** સાહિત્ય પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન નીચેની વિગતે કરવામાં આવ્યું છે.

**મુખ્ય અતિથિ :**

**શ્રી રાજેશભાઈ જૈન**-IIT-Delhi, Dr. Growel Solutions

**દિનાંક :** રવિવાર, તા. ૦૭-૧૦-'૧૨ **સમય :** સવારે ૯-૪૫ કલાકે

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,**

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦.

આ સમારંભ માટે ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે, મોડામાં મોડું તા. ૧૬-૯-૨૦૧૨ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવા.

**☐ શિક્ષણ સમિતિ**

## તંત્રીસ્થાનેથી...

# સાધર્મિક ભક્તિ એ જ સમાજ વિકાસ

શ્રાવકોએ પર્યુષણ પર્વમાં કરવાના કર્તવ્યોમાં એક કર્તવ્ય 'સાધર્મિક ભક્તિ' છે. પોતાની જાતને 'જૈન' તરીકે ઓળખાવતા દરેકે 'JAIN FOR JAIN' (દરેક જૈન પ્રત્યેક જૈન માટે જ છે) સુત્ર અપનાવી, તેમાં રહેલ સાધર્મિક ભક્તિની ભાવનાને અમલમાં મુકવી જરૂરી છે. જરૂરીયાતવાળા (કોઈ પણ સમુદાયના) જૈન સાધર્મિક બંધુઓની શૈક્ષણિક-તીબીબી તેમજ આર્થિક સગવડો સચવાય અને તેઓ સ્વાવલંબી થઈ સલામતીની ધરતી પર સર્વાંગી વિકાસ કરી શકે તેવા સોહામણા સ્વપ્ન સાથે પંદર વર્ષ પહેલા **શ્રી માટુંગા વાસુપૂજ્ય જૈન સાધર્મિક ફાઉન્ડેશનની** સ્થાપના થઈ હતી.

પૂ. આચાર્ય **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી** મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ પદ્ધતિસરની કાયમી ધોરણે સાધર્મિક પ્રવૃત્તિની શુભ શરૂઆત મુંબઈ શહેરમાં આ રીતે શરૂ થઈ. થોડા જ વર્ષોમાં મુંબઈના અલગ-અલગ વિસ્તારના જૈન સંઘોને પોતાના વિસ્તારના સાધર્મિકોની જરૂરીયાતોને પહોંચી વળવા આવા ફાઉન્ડેશનની આવશ્યકતા અને જરૂરીયાતનો અહેસાસ થવા માંડ્યો. આજે મુંબઈ શહેરમાં આવા ૨૨ ફાઉન્ડેશનો જુદા જુદા વિસ્તારોમાં સ્વતંત્ર રીતે રજીસ્ટર્ડ થઈ દાનની રકમ સામે ૮૦-જીનું સર્ટિફિકેટ આપી સાધર્મિક ભક્તિના સમાન ધ્યેયથી કાર્યરત છે. તેમના હિસાબો ઑડિટ થાય છે દરેક ફાઉન્ડેશન સ્વતંત્ર રીતે કાર્ય કરતું હોવા છતાં બધા એક બીજાના પૂરક છે. માહિતીઓની તેમજ પ્રવૃત્તિઓની વહેંચણી એકબીજાને કરાય છે જેથી કાર્યોનું Duplication તેમજ Over Lapping ન થાય. આ ફાઉન્ડેશનો સાથે **જૈન જાગૃતિ સેંટર** જેવી અન્ય સંસ્થાઓ પણ સાધર્મિકોને ઉચ્ચ શિક્ષણ તેમજ અન્ય ક્ષેત્રે મદદરૂપ થઈ મુંબઈમાં વસતા સાધર્મિકોના 'હોંશમાં જોશ' પુરવા શક્તિમાન થયેલ છે.

ગયા વર્ષે પર્યુષણ પછી **શ્રી મરીન ડ્રાઈવ આરાધક જૈન સંઘ** દ્વારા પણ ફાઉન્ડેશનની રચના થઈ અને નવજીવન સોસાયટીના ફાઉન્ડેશન સાથે મળીને આ વર્ષે આ ફાઉન્ડેશનોએ મીરા-ભાયંદરમાં વસતા સાધર્મિકોની જવાબદારી ઉઠાવી પ્રશંસનિય કામગીરી કરી છે. તેમના આ ભગીરથ કાર્યમાં સમાન ધ્યેય ધરાવતી સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ મદદરૂપ થઈ **'ઝાઝા હાથ રળિયામણા'** સૂત્રને સાર્થક કરે છે, તે મુંબઈના સર્વે જૈનો માટે ગર્વની બાબત છે.

ફાઉન્ડેશનો દ્વારા સહાય/મદદ ઈચ્છતા સાધર્મિકોએ વારંવાર આંટાફેરા ન કરવા પડે, મદદ થાય પણ લાગણી ન દુભાય, લેનારનું સ્વમાન ન ઘવાય અને લેનાર ઉપકારથી દબાયેલો ન રહે તેનું ખાસ ધ્યાન રાખી નમ્રતાપૂર્વક **'કર્તવ્ય'**ના ખ્યાલથી થતી આ સાધર્મિકભક્તિ ખરેખર પ્રશંસનિય તેમજ અનુકરણીય છે. મુંબઈ બહારના શહેરોમાં પણ ફાઉન્ડેશનો થતા જાય છે તે જૈન સમાજ માટે આનંદની વાત છે.

આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળનું** આ શતાબ્દી વર્ષ છે, ત્યારે મંડળ દ્વારા ગત્ ૧૦૦ વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓની યાદી ઘણી લાંબી થાય તેમ છે. હાલના તબક્કે આપણા સમાજને વધુ સુદૃઢ કરવા અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે યોજનાબદ્ધ આયોજનો સાથે તેને સાર્થક કરવા નિષ્ઠાપુર્વકના પ્રયાસો જરૂરી છે. આપણા પૂર્વજોની દીર્ઘ દૃષ્ટિને લીધે સદ્નસીબે આજે આપણી પાસે સંસ્થા અને સંગઠનનો મજબૂત પાયો છે. વર્તમાન સંજોગોમાં આપણા સમાજના જરૂરીયાતવાળા સભ્યોની શૈક્ષણિક તેમજ તબીબી જરૂરીયાતોને પૂર્ણ રીતે પહોંચી વળવા આપણી સંસ્થા આર્થિક રીતે સક્ષમ નથી જ એ વાસ્તવિકતા નજર અંદાજ કર્યા વગર સ્વીકારવી જ રહી. આ સંજોગોમાં સમાજના સભ્યોએ અન્ય સંસ્થાઓમાં ભટકવું ન પડે તે માટે આપણા વહીવટકર્તાઓ ઉપર્યુક્ત ફાઉન્ડેશનોના સંચાલકોના સંપર્કમાં રહી સંસ્થાકિય સ્તરે આપણા સમાજના સાધર્મિકોના પ્રશ્નો સુલઝાવવા કટિબદ્ધ થાય તે ઈચ્છનીય છે.

**શ્રી પાટણ જૈન મંડળનું** ભંડોળ વધારવા **સમાજ વિકાસ ફંડ, આધાર સ્તંભ યોજના, Revolving Fund** વિગેરે યોજનાઓ દ્વારા સંચાલકો પ્રયત્નશીલ છે જ...પરંતુ લાગતાવળગતા સૌએ હવે કાચબાની ગતી ત્યજીને હરણફાળ ભરવાનો સમય આવી ગયો છે. કેટલાય ક્ષેત્રે સંસ્થાએ અને સમાજે વેગવાન થવાની જરૂર છે. સમાજની અપેક્ષાઓ ઘણી છે તેથી જ દરેક પ્રવૃત્તિમાં **'આશય અને ધ્યેય શુદ્ધ રાખવું'** આવશ્યક છે. **પ્રસિદ્ધિઓ સિદ્ધિને નબળી પાડી નિસ્વાર્થ કાર્યવૃત્તિને અવરોધે છે** માટે જ કહ્યું છે, **'તમે મૌન રહો તમારા કાર્યોને બોલવા દો, તમારું કાર્ય જ તમારો પ્રચાર કરશે અને તે પ્રચારમાં નક્કરતા હશે તમને અને તમારા કાર્યને રોનક આપે તેવી.'**

પર્યુષણ મહાપર્વના દિવસોમાં સાધુભગવંતો સાધર્મિક ભક્તિની મહત્તા તેમજ આવશ્યકતા વિષે સમાજને જાગૃત કરે છે અને તેથી જ ઉપર્યુક્ત સંસ્થાઓને કરૂણા/અનુકંપા સભર દાતાઓ આર્થિક મદદ આપવા પ્રેરાય છે ત્યારે સૌ સખાવત્ કરનારાઓને નમ્રતાપૂર્વક જણાવવાનું કે,

**'સાધર્મિકને મદદ કરવા માટે લંબાયેલો તમારો એક હાથ,**
**પ્રાર્થના કરવા માટે જોડાયેલ બે હાથ કરતાં વધારે સાર્થક છે...'**

**□સંપાદક સમિતિ**

SHREE PATAN JAIN MANDAL
Connect with Community, Connect with World




**Join us on facebook page**
Stay connected with us during the 100th year of Shree Patan Jain Mandal for news and events updates.
We also invite you to share your experiences with us.

Find me on Facebook

Visit our website@www.patanmandal.org

સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગોરવશાળી શતાબ્દી વર્ષ

## શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધકટ્રસ્ટનું અનેરૂં આયોજન

### EXHIBITION ON JAINISM'

પ. પૂ. યુગ દિવાકર આચાર્ય ભગવંત **ધર્મસૂરીશ્વરજી મ.સા.**ની અસીમ કૃપાથી, પ. પૂ. દર્ભાવતી તીર્થોદ્ધારક આચાર્ય ભગવંત **રાજરત્નસૂરીશ્વરજી** મ.સા.ની આજ્ઞાપૂર્વક ચાતુર્માસમાં પધારેલ પ. પૂ. મુનિરાજ શ્રી રશ્મિરત્ન વિજયજી મ.સા. અને પ. પૂ. મુનિરાજ શ્રી હિતરત્ન વિજયજી મ.સા. તેમજ પ. પૂ. સાધ્વીજી વિશ્વવંદ્યાશ્રીજી અને પ. પૂ. સાધ્વીજી સર્વવિદ્યાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશથી ૮૨ દિવસીય ધર્મચક્ર તપ, રવિવારીય યુવા શિબિર, શનિવારીય બાલ શિબિર, જેમાં **ઑડિયો-વિઝ્યુઅલથી** જૈન તત્ત્વની સમજ અપાય છે. આ બધા આયોજન દ્વારા ચાતુર્માસમાં અદ્‌ભુત ઉલ્લાસ પ્રવર્તી રહ્યો છે.

પ. પૂ. યુગ દિવાકરાચાર્ય ભગવંત ધર્મસૂરીશ્વરજી મ.સા.ના ૧૦૯માં જન્મદિન નિમિત્તે યોજેલ ત્રિદિવસીય મહોત્સવમાં **જૈનિઝ્મ** પર રાખેલ મોડેલ પ્રોજેક્ટ અને તેનું એક્ઝીબિશન આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ.

આ પ્રદર્શનમાં અઢાર પાપસ્થાનકની સાપસીડી, નવતત્ત્વ, સ્થાવરકાયની ટ્રેન, નરકગતિના દ્વાર, ચૌદ ગુણસ્થાનક, આઠ કર્મ, કાળચક્ર, અઢી દ્વીપ, પાંચ દાન, ચાર કષાય, અષ્ટપ્રકારી પૂજા, પંચ પરમેષ્ઠિ, ચૌદ રાજલોક, નરકગતિ, મોક્ષગતિ, દેવગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, પાંચ ઈન્દ્રિય, છ લેશ્યા, સાત ક્ષેત્ર વગેરે મોડેલ પ્રોજેક્ટ રાખવામાં આવેલા. જેની વિશેષતા એ હતી કે બાળકો જ આ મોડેલની વિસ્તૃત સમજણ આપતા હતા. શનિવાર અને રવિવાર તા. ૨૯ અને ૩૦-૭-૧૨ના સાંજે રાખવામાં આવેલ. પ્રદર્શન અદ્‌ભુત લાઈટો દ્વારા સુશોભિત કરવામાં આવેલ. ૨૦૦૦ થી વધુ ભાઈ બહેનોએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો. આવનાર ભાઈ-બહેનો તેમજ શ્રી સંઘ દ્વારા બાળકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવેલ.

## જ્ઞાનવૃદ્ધિનો નવતર પ્રયોગ એટલે 'કૌન બનેગા સમ્યગ્જ્ઞાની'

વિષમકાળમાં તરવા માટે જિનબિંબ-જિનાગમ બે જ આધાર છે. જિનબિંબો પ્રત્યે જેટલી ભક્તિ અને જાગૃતતા છે પણ જિનાગમ એટલે કે સમ્યગ્જ્ઞાન માટે એટલી જ ઉપેક્ષા અને આળસ છે. એના ઘણા બધા કારણો પૈકીનું એક કારણ છે જ્ઞાનદાનની યોગ્ય પદ્ધતિની ખામી. સમાજની સમજને પારખીને મરીનડ્રાઈવ જૈન સંઘમાં સમ્યગ્જ્ઞાનની લ્હાણી કરાવતો યોજાયેલ આ પ્રોગ્રામ એટલે **કૌન બનેગા કરોડપતિ** નહિ પણ....'**કૌન બનેગા સમ્યગ્જ્ઞાની**'...

ચાલુ વર્ષે **પ. પૂ. યુગદિવાકર આ. ભ. ધર્મસૂરિશ્વરજી મ.સા.**ના પરમકૃપાપાત્ર પ. પૂ. તેજસ્વી વક્તા **આ. ભ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ના આશીર્વાદપૂર્વક ચાતુર્માસાધનાર્થે પધારેલ મુનિરાજ **શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા.**ની નિશ્રામાં યોજાયેલ. આ પ્રોગ્રામમાં હકડેઠઠ મેદની ઉમટી હતી... ભાવિકોના આગ્રહથી ફરીવાર પર્યુષણ બાદ આવા જ એક નવા પ્રોગ્રામની જાહેરાત થતાં ભાવિકોએ તેને ઉલ્લાસથી વધાવી હતી... આવતા રવિવારે '**સમોવસરણ વંદના**'ને તે પછી '**પ્રભુ વીરના હાલરડાં**'નો ભવ્ય સ્ટેજ પ્રોગ્રામ થશે.

☐ **શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ**

### અભિનંદન

ખેતરવસીના હાલ ગોરેગામ સ્થિત **શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ**ના સુપુત્ર **ચિ. રિકીન** મે-જુન-૧૨ની C.A. ફાઈનલ પરીક્ષામાં ભારતભરમાં **૩૦મા ક્રમાંકે** તથા ખેતરપાળના પાડાના, હાલ ગોરેગામ સ્થિત **શ્રી મનીષ જયકુમાર શાહ**ના સુપુત્ર **ચિ. વૈભવ** ૩૬મા ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ છે અને પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે, જે બદલ હાર્દિક અભિનંદન. **શ્રી પાટણ જૈન મંડળ** ચિ. વૈભવ ભવિષ્યમાં સફળતાના અનેક શિખરો સર કરે એવી **શુભેચ્છા** પાઠવે છે.




**CARAT JEWELLERY**

118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.

Advt.


સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ

## મા સરસ્વતીના ઉપાસકને...

પ્રતિબિંબના જુલાઈ-૨૦૧૧ના અંકમાં **'મા સરસ્વતીના ઉપાસકને'** શિર્ષક હેઠળ ખેતરપાળના પાડાના **શ્રી જીતેન્દ્રભાઈ રસિકલાલ શાહના** સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક ઉપાસના અને આરાધના વિશે આપણે જોઈ ગયા. ત્યારબાદ સંજોગ વસાત એક વિરલ ઑપરેશનને કારણે તેઓ આગમની પરીક્ષા આપી શક્યા ન હતા. વર્ષ ૨૦૧૨માં ગીતાજીની પરિચય પરિક્ષા અંતર્ગત અધ્યાય ૮ થી ૧૨ માં અર્વાચીન યુગના દાર્શનિકો ગાંધીજી, ડૉ. રાધાકિશન, લોકમાન્ય તીલક, ડૉ. કે. એમ. મુનશી, આચાર્ય વિનોબા ભાવે, અરવિંદ ઘોષ વિગેરેના ગીતાજી વિશેના વિચારોની પરિક્ષામાં તેઓએ ૮૫% માર્ક મેળવ્યા છે.

તેમનામાં ધર્મ પ્રત્યેની આસ્થા અને લાગણીનો આવિર્ભાવ આપોઆપ પ્રગટ્યો છે. અંતરની અંગત લાગણીઓને બીન અંગત રીતે સ્વથી સ્વજન સુધી પહોંચાડવાના તેમના પ્રયત્નો અવિરત રહ્યા છે. તેઓ માને છે કે ઈશ્વરના સત્સંગથી હૈયાની વસંત ખીલે અને છલકે તથા પ્રસંગની પરિમલ પ્રસરે!

**સ્વામી ભગવતાનંદ સરસ્વતીજી** પાસે **અદ્વૈત મકરંદનું** જ્ઞાન મેળવ્યું અને સાથે કૉમ્પ્યુટર એજ્યુકેશન ઈન્ફોરમેશન ટેકનોલોજીનો **ભારતીય વિદ્યા ભવન** મધ્યે અભ્યાસ કર્યો. તેઓએ **કેનોપનિષદ** અને **મુંડકનો** અભ્યાસ પણ આ ગાળા દરમ્યાન પૂર્ણ કર્યો. ગીતાજીની કોવિદની પરિક્ષામાં અધ્યાય ૧૩ થી ૧૮ અંતર્ગત આદિ શંકરાચાર્ય, દયાનંદ સરસ્વતી, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રની પરીક્ષામાં તેઓએ ૮૧% માર્ક મેળવી **ભારતીય વિદ્યા ભવનમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. શ્રી જીતેન્દ્રભાઈ** ગીતાજીના અભ્યાસ સાથેની **સરખામણીમાં જૈન ધર્મની શ્રેષ્ઠતા વિશે નિતાંત ગૂઢ અભ્યાસ કરી રહ્યા છે.** તેઓનું અંતિમ ધ્યેય વેદાંત વિશારદ થવાનું છે. સંસ્થા તેમની જ્ઞાન પીપાસા સત્વરે પરિપૂર્ણ થાય તેવી શુભકામના સાથે હાર્દિક અભિનંદન પાઠવે છે. તેમના આ અભ્યાસની સફળતાનું શ્રેય તેમના લઘુબંધુ **ડૉ. રમેશભાઈને** આપે છે જેમના સાથ અને સહકાર વગર કદાચ આ અભ્યાસ અધુરો રહ્યો હોત. ✱ ✱ ✱

## અશ્રુ ઝરે ને ઝાકળ ખરે...!

*ચોતરફ અમાપ એકાંત,*
*નેત્રો અનિમેષ કંઈક ખોળે;*
*વિચાર માત્ર હૈયું ઢંઢોળે!*

*અસમંજસમાં...*

*અશ્રુ તેની કથની માંડે-*
*કે આપ વિતી પોતાની કહે?*
*એક પાગલ બીજાની દીવાનગી મળે!*

*કોણ કોણું કહ્યું કરે!*

*ભવ-ભવનો સથવારો-*
*સતત રહે તે મિલન અધૂરે,*
*હૈયે હેત સરે, આંખે અશ્રુ ઝરે!*

*પુષ્પથી ઝાકળ ખરે!*

*અવિરત પ્રેમની ફોરમ ઢળે-*
*નેક ઈરાદાને મક્કમ ઈશારે,*
*પંખી કરે ગાન, માટી સોડમ વછૂટે!*

*અન્યોન્યમાં ઓળઘોળ વસે!*
*આંખો છલકાય ને હૈયું હસે!!*

*અશ્રુ ઝરે ને ઝાંકળ ખરે...*

□મ.ને.

**વસતી પત્રક તથા યુવા પરિચય ફોર્મ હજી સુધી ભરીને મોકલાવેલ ન હોય તો તાત્કાલિક ભરી મોકલવા વિનંતિ.**


## યુનિવર્સલ મેટલ કોર્પોરેશન

**કાંસુ બુદ્ધિ વધારનારું છે. (कांस्यम् बुद्धिवर्धकम् – भालप्रकाश) એ સિવાય પણ કાંસાના ઘણા ગુણો બતાવેલા છે. કાંસુ એટલે શું? કાંસુ બે ધાતુનું મિશ્રણ છે, આયુર્વેદના રસતરંગિણી ગ્રંથમાં જે માપ બતાવ્યું છે એ પ્રમાણે ૭૮ થી ૮૦ % તાંબુ + ૨૨ થી ૨૦ % કલાઈ = કાંસુ. શુદ્ધ કાંસાની પરીક્ષા કેવી રીતે થાય? તેના રણકાર અને દહીં ને અમુક સમય રાખીને જાણી શકાય. લેબોરેટરી ચેસ્ટ કરીને પણ જાણી શકાય છે.**

**વપરાશ : હાલ શ્રીપાલ નગર જૈન સંઘ, ચંદનબાલા, મુલુંડ, ગિરિવિહાર-પાલિતાણા, ઓગણજ જૈન સંઘ તથા હિરજીભાઈ, ધનજીભાઈ, દુર્ગાપ્રસાદ વિગેરે રસોઈયા વાપરે છે. છ'રી પાલિત સંઘો, નવ્વાણુ યાત્રા, ઉપધાન તપ, લગ્નપ્રસંગો જેવા નાના મોટા ઘણા પ્રસંગોમાં આપેલ છે.**

**સંપર્ક સૂત્ર : વિરલ અમિતભાઈ શાહની પેઢી (વાસુપૂજ્યની ખડકી, પાટણવાળા)**

**અમદાવાદ : ફોન : ૦૭૯-૨૬૬૫ ૧૧૬૬/૧૧૪૪.**

**મુંબઈ-પારસ મેટલ-કાલબાદેવી : ફોન : ૦૨૨-૨૨૪૨૧૫૯૧ • કૌશલ શાહ, મો. : ૯૮૨૧૫૩૫૧૫૨**

Advt.

# પર્વાધિરાજ પર્યુષણ

પર્યુષણની પાવન આભા, આજે આત્મામાં છવાય છે.
નવકાર રૂપી મેઘધનુષ, હૃદયે હૃદયે બંધાય છે;
વ્યાખ્યાનોની પાવનમાળા, ગુરુ ભગવંતો થકી ગૂંથાય છે;
રાગ-દ્વેષ વીસરી જઈને, સૌ પરસ્પર એકબીજાને નમાય છે.'

પર્વાધિરાજ પર્યુષણ પર્વનું સ્વાગત કરવા સમગ્ર જૈનો તૈયાર થઈ ગયા છે. અધિક ભાદરવા વદ ૧૧-૧૨ મી સપ્ટેમ્બરથી આ પર્વની પધરામણી થઈ રહી છે ત્યારે દરેક નાના-મોટા સૌના હૃદયના માંડવે સદ્‌ભાવનાના મોતી ઝળહળશે. **દયાના દિવડા પ્રગટાવીને, સ્નેહના સાથિયા પૂરીને, પરોપકારના પારિજાત વડે, ધૈર્યની ધૂપસળી જલાવીને, અનુકંપાના અક્ષત રચીને, ત્યાગ અને તપશ્ચર્યાના તોરણો બંધાશે.** અમારિ પ્રવર્તન, સાધર્મિક વાત્સલ્ય, ક્ષમાપના, અઠ્ઠમ તપ, ચૈત્ય પરિપાટી જેવા પાંચ મુખ્ય કર્તવ્યની પુષ્પમાળા પહેરાવીને આનંદોલ્લાસ સાથે પર્વાધિરાજની ઉજવણી થશે. જે આત્માના ભાવોને જાગૃત કરે તે પર્યુષણ પર્વ.

**આત્માને શુદ્ધ કરવા પર્યુષણના પ્રારંભ પહેલાં જ એટલે કે ચાતુર્માસી ચૌદસ, અષાઢ સુ ૧૪ થી જ ભાવિક આત્માઓ પોતાની ચિત્તશુદ્ધિ અને હૃદયશુદ્ધિ માટે ભાવના ભાવે છે** તેથી જ સૌ વિવિધ પ્રકારના તપ, જપ, શિબિરો, આરાધના, સાધના ભક્તિમાં જોડાય છે. ઉપવાસ કરીને, આરંભ-સમારંભનો પણ ત્યાગ કરે છે. નવકારશી-ચૌવિહાર જેવા નિયમો પણ દરેક જૈનો પાળે છે. પ. પૂ. ગુરુ ભગવંતની પ્રેરક, બોધદાયક વાણીનું શ્રવણ કરતાં કરતાં પોતાની આત્મશુદ્ધિ માટે ગુરુની મધુર વાણીમાં આત્મસ્નાન કરી સંયમમાં રહે છે. **ભાવ બદલાય છે અને સિદ્ધત્વ પ્રાપ્ત કરવાના ભાવ જાગે છે. આજ તો છે પર્વાધિરાજ પર્યુષણની સાર્થકતા.**

પર્યુષણના પ્રથમ ત્રણ દિવસમાં શ્રાવકના આચારનું વર્ણન કરાય છે જ્યાં સુધી **માનવીના વાણી, વર્તન, વહેવારમાં દંભ હોય, ત્યાં સુધી ધર્મનો પ્રારંભ થતો નથી અને જયાં સુધી પ્રેમ કરતાં ન આવડે ત્યાં સુધી ત્યાગ** કરતાં ન આવડે.

**ચોથો દિવસ :- 'શ્રુત કેવલી'** તરીકેનું બિરૂદ પામેલાં મહાન જૈનાચાર્ય અને ૧૪ **પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામીએ 'કલ્પસૂત્ર'**ની રચના કરી છે જેમ પર્યુષણને 'પર્વાધિરાજ'ની પદવી પ્રાપ્ત થઈ છે તેમ **'કલ્પસૂત્ર'**ને **'ગ્રંથાધિરાજ'**નું ગૌરવવંતુ માન મળેલું છે. ઘણાં વર્ષો પહેલાં **'કલ્પસૂત્ર'**નું વાંચન, શ્રવણ યોગ્યતાનુસાર સાધુ-સાધ્વીજીમાં થતું હતું. ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે ધ્રુવસેન રાજાનો પુત્ર મરણ પામવાથી રાજા શોક સંતપ્ત હતો. તેથી તેના મનને શાતા-સમાધિ આપવા વડનગર ગામમાં રાજવી પરિવાર સાથે ગામના ગૃહસ્થોની હાજરીમાં પવિત્ર ગ્રંથ 'કલ્પસૂત્ર'નું વાંચન્ કરવાથી બધાંનો શોક દૂર થયો. બધાં હર્ષ અને આનંદવિભોર બની ગયા. ત્યારથી આ ગ્રંથ ચતુર્વિધ સંઘને સંભળાવવામાં આવે છે. આ ગ્રંથનું વાંચન ૪ દિવસ સવારે-બપોરે બે સમય કરવામાં આવે છે. **'કલ્પસૂત્ર'નું વાંચન માત્ર વર્ષમાં એક જ વાર પર્યુષણમાં જ કરવામાં આવે છે.** તેમાં મુખ્યત્વે સાધુ જીવનના આચાર ધર્મનું વર્ણન આવે છે અને પ્રભુ મહાવીર સ્વામીના જીવન-કવનની હૃદયસ્પર્શી કથાઓ તથા અન્ય ૨૩ તીર્થંકરોના જીવન ચરિત્ર પણ સાંભળવા મળે છે.

**ભગવાન મહાવીરની માતા ત્રિશલાને આવેલા ૧૪ સ્વપ્નાઓ ચતુર્વિધ સંઘ સમક્ષ આનંદોલ્લાસ સાથે ઝુલાવવામાં આવે છે. દોમ દોમ વૈભવોથી ભરી દેવોની દુનિયામાંથી એક વિરલ વિભૂતી વિદાયની તૈયારી કરે છે અને માનવ લોકની ત્રિશલા માતાને બડભાગી બનાવી 'જગતમાંતા' બનાવે છે. છીપમાં જેમ મોંઘેરૂં મોતી બંધાય, તેમ લાખેણી પળે એક વિશ્વોદ્ધારક ત્રિશલામાતાની કૂખે બંધાયા અને સમગ્ર જગતને માતાની કૂખમાં રહીને જ 'માતૃભક્તિ'નો ઉચ્ચ સંદેશો આપ્યો.**

બાળ વર્ધમાન નિશાળે ભણવા જાય છે તે નિમિત્તે દરેક સંઘમાં શાળામાં ભણતાં નાના બાળકોને નોટ-પેન્સિલ વિ.ની પ્રભાવના કરવામાં આવે છે.

બાર બાર વર્ષ સુધી, હસતાં મોઢે, મૌન રહીને ઉપદ્રવો ને ઉપસર્ગો સહેતા રહ્યા. અંતે **કર્મરાજા હાર્યા ને ધર્મરાજાએ વિજય મેળવ્યો.** દેવોએ સમોવસરણની રચના કરી. પ્રભુ પ્રથમ દેશના નિષ્ફળ જતાં અપાપાપુરી




વિહાર કરી ગયા. ગુરુ ભગવંતો આ દિવસે **'ગણધરવાદ'**ના વિષય પર મર્મસ્પર્શી પ્રવચન આપે છે. **'ગણધરવાદ' એટલે શું ?** ભગવાન મહાવીરના **૧૧ ગણધરોના મનની વિભિન્ન શંકાઓનું સમાધાન ભગવાન આપે છે** અને તેમને ગણધર પદે સ્થાપે છે. જેના સમાધાનથી આપણાં **આત્મામાં પણ શ્રદ્ધાનું સંગીત ઉત્પન્ન થયા વગર રહેતું નથી.**

**સાતમો દિવસ :-** ભગવાન **શ્રી પાર્શ્વનાથ**ના દસ-દસ જન્મથી ચાલી આવતી કમઠ સાથેની વેરની વણઝાર, નેમ-રાજુલની નવ-નવ ભવની પ્રીત, ભગવાન મહાવીરના નિર્વાણ બાદ આજ સુધી એમની પાટ પરંપરાના મહાન પ્રભાવક આચાર્ય ભગવંતો, જેઓએ શાસન અને તીર્થની રક્ષા કરી છે. તેમનો ઇતિહાસ સાંભળવા મળે છે. જંબૂસ્વામી, સુધર્મા સ્વામી, સ્થૂલિભદ્ર વિ.ની મહાકથાઓ આ વ્યાખ્યાનમાં સાંભળવા મળે છે જે **'સ્થરાવલી'** કહેવાય છે. **'સ્થવિર'** એટલે **પૂર્વે થઈ ગયેલા મહાપુરૂષો અને આવલી એટલે શ્રેણી પરંપરા.**

**અંતિમ દિવસ :- બારસા સૂત્ર, સાંવત્સરિક પ્રતિક્રમણ, ક્ષમાપનાનો સોથી વિશેષ મહાન અને પવિત્ર દિવસ 'ક્ષમાપના'** તો પર્યુષણ પર્વનું હાર્દ છે. તેથી જ તો શાસ્ત્રોમાં પણ બતાવ્યું છે કે પર્યુષણ પર્વના પ્રારંભ પહેલાં જ હૃદયને સરળ અને સાફ બનાવી, જેની પણ સાથે મનદુ:ખ થયું હોય, વાણી, વર્તન, વહેવાર દ્વારા કડવાશ ઊભી થઈ હોય તો **'Let go'** ની ભાવનાથી **'Love & Live'** ને લક્ષમાં રાખી ક્ષમાપના કરી લેવાની છે. 'જે ક્ષમા આપે તે મોક્ષ પામે.' આમ કરવાથી ગુણોનો **Profit** થશે અને જો અહંકારને કારણે નહિ કરીએ તો ખૂબ મોટી **Loss** થશે. માટે **'મિચ્છામિ-દુક્કડંમ્' સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટાવી કરવાથી આપણાં મનને શાંતી મળે છે. મન પ્રસન્ન બને છે. હૃદય હળવું ફૂલ બને છે.** સાંવત્સરિક પ્રતિક્રમણ પણ વર્ષમાં એક જ વાર કરવામાં આવે છે. 'પ્રતિબિંબ'ના સર્વે વાચક પરિવારોને મારા તરફથી કોઈપણ પ્રકારે મનદુ:ખ થયું હોય તો સૌને **'મિચ્છામિ દુક્કડંમ્'.**

**આપ સૌ આરાધકો પર્યુષણ પર્વ ખૂબ જ ભક્તિભાવથી, ધર્મારાધના કરતાં રૂડી રીતે ઉજવશો. તપસ્વીઓ સુખ-શાતામાં રહે તે જ પ્રાર્થના.**

**☐ ભારતી ભગુભાઈ શાહ**

## વાચકનો પ્રતિભાવ

**શ્રી કૌશિકભાઈ ઝવેરી**નો પાટણના જૈન, ચૈત્યોની જાળવણી વિષેનો લેખ ખૂબ જ ગંભીર વિચારણા માંગી લે છે. મુંબઈમાં વસતા પાટણના જૈનોએ ઘણાં વર્ષો મુંબઈમાં રહીને આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરી લીધી છે. જીંદગીના ૫૦-૬૦ વર્ષ પાટણથી દૂર રહીને વિતાવ્યા પછી હવે પાટણ વિષે વિચારવાનો સમય પાકી ગયો છે.

સમય હજુ પણ આપણા હાથમાં છે. પટ્ટણીઓ જાગો અને જૈન ધર્મના કેન્દ્ર સમા પાટણ શહેરને ફરી પાછા કુમારપાળ મહારાજાની જાહોજલાલીના દિવસો યાદ આવે એવું કંઈક કરી બતાવવાનો સમય પાકી ગયો છે.

આ પેચીદા વિષયમાં **શ્રી કૌશિકભાઈ**નો સંપર્ક સાધીને આ વિષયમાં વિચારણા કરવા પાટણના દેરાસરના ટ્રસ્ટીઓ તેમજ વહિવટ કર્તાઓની એક મિટિંગ બોલાવવી જોઈએ. સમયોચિત સ્પષ્ટ વિચારધારા માટે શ્રી કૌશિકભાઈ ઝવેરીને ખૂબ ખૂબ અભિનંદન.

**☐ ભદ્રકુમાર શાહ**

### HEARTIEST CONGRATULATIONS ! !

World Education Games is largest on line educational event `world science day' writing the world and engaging the students with education. More than 2 million young people from all over the world had participated and **Priya Vikram Vrajlal Shah ranked Ist in whole Europe** in class VI age group of 11-13 yrs. and won medal for her school. **Priya Vikram Shah** (Polni Sheri-Fofaliya wado) studying at **Antwerp British School.** She endorse the honour of her success to her mother **smt. Tejal Vikran Shah Shree Patan Jain mandal** wishes Priya the best of luck for future enderours & loking forward for the grand success in 2103 competition.


ઋષભ ક્રિયેશન પ્રસ્તુત નાટ્ય પ્રયોગ

રાજુ આર. મહેતા નિર્મિત

જૈન શાસનને

# સર્વ સમર્પણ

તમારા રોમેરોમ ને ઝણઝણાવી મૂકે એવી એક સમૃધ્ધ પરિવારની મનોરંજક કથા

LED સ્ક્રીન, અલ્ટ્રાસોનીક સાઉન્ડ, લાઈટીંગ સાથેનો એક અતિ ભવ્ય સંગીતમય નાટ્ય પ્રયોગ.

સંગીત : ઈકબાલ દરબાર * લેખક : પાર્થ શુકલ * દિગ્દર્શક : પાર્થ શુકલ, દેવાંગી શાહ

સંપર્ક :- # 98673 80568 Tel : 2615 2623 Log on to - www.sarvasamarpan.com

-: Show At :-

Birla Matusri : 2 Sept. 7.00 pm to 10.00pm.

Kalidas Hall : 30 Sept. 10.00 am to 1.00 pm.

Bhaidas Hall : 14 Oct. 10.00 am to 1.00 pm.

-: સૌજન્ય :-

ઋષભ-સંભવ ગ્રુપ

Engineers & Developers

(અંધેરી, મુંબઈ)

Make You Living Come Alive

sambhav

comfy living

advt

# એક સિતારો વિલાઈ ગયો...

૧૯૩૨ના ઑક્ટોબર માસની ૧૧ મી તારીખે જન્મેલા કવિ, લેખક, પ્રકાશક, સંપાદક, વિવેચક, અનુવાદક સાહિત્યના જવલંત સિદ્ધહસ્ત સિતારા ડૉ. **સુરેશ દલાલ** ૭૯ વર્ષની જૈફ વયે શુક્રવાર, તા. ૧૦-૦૮-૨૦૧૨ના રોજ જન્માષ્ટમીના સપરમા દિવસે શબ્દસ્થ થયા.

૧૯૬૦ની મે માસની ૧૧ મી તારીખે સુશિલાભાભી સાથે પ્રેમ બંધનમાં જકડાઈ લગ્ન ગ્રંથીથી જોડાયા. નિયતિ અને મિતાલી નામે બે પુત્રીઓ થઈ.૧૯૬૯માં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી પી.એચ.ડી. થયા. ૧૯૭૩-૧૯૯૨માં એસ.એન.ડી.ટી. વિદ્યાપીઠમાં જોડાયા. આ ઉત્તમ સાહિત્યકાર અને શબ્દોપાસક શિક્ષણશાસ્ત્રીએ વડોદરા એમ.એસ. યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ પણ શોભાવ્યું.

ઈમેજ પબ્લિકેશનના નેજા હેઠળ ૧૯૬૭ થી ૪૫ વર્ષ સુધી તેઓએ 'કવિતા'ના તંત્રી તરીકે અનન્ય ફાળો નોંધાવી. કેટલાય વિવિધ અદ્ભુત કાર્યક્રમો સુરેશભાઈએ આપ્યા છે જેને બહુધા વરિષ્ઠ નાગરિકો મન મૂકીને માણતા. અત્યાર સુધી અનેક સંસ્થાઓને અંદાજે **રૂપિયા દોઢ કરોડના પુસ્તકો વિના મૂલ્યે** દેશ-વિદેશમાં મોકલાવી ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસાર માટેની અનન્ય અને અદ્વિતિય સેવા જ હતી. જન્મભૂમિ-પ્રવાસીમાં, **'મારી બારીએથી'** ચિત્રલેખામાં **'ઝલક'** કોલમ ખૂબ જ પ્રચલિત થઈ. દિવ્ય ભાસ્કર શરૂ થયું ત્યારથી **'હયાતીના હસ્તાક્ષર'** કટાર તેઓ લખતા રહ્યા.

જીવન દરમ્યાન ડૉ. સુરેશભાઈને અનેક એવોર્ડ્સ અને માન અકરામ પ્રાપ્ત થયા. જેમાં ખાસ ૧૯૮૩માં રણજીતરામ સુવર્ણ ચંદ્ર, નર્મદ સુવર્ણ ચંદ્રક, પ્રિયદર્શિની એવૉર્ડ, વર્ષ ૨૦૦૫માં **'અખંડ ઝાલર વાગે'** કાવ્ય સંગ્રહ માટે દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર પ્રાપ્ત થયો.

સ્પષ્ટ અને નીડર વક્તા બની કવિતાને લોકભોગ્ય બનાવવાનું અદ્ભુત કાર્ય સુરેશભાઈએ કર્યું હતું. ઘા કે ઘસરકાને અવગણનાર સારસ્વતના અક્ષરવાસથી સમસ્ત સાહિત્ય સૃષ્ટિ પર કઠોરાઘાત થયો છે. એક અસહ્ય ખાલિપો અને શૂન્યાવકાશ સર્જાયો છે.

પૂજ્યશ્રીની કલમની કમાલે ઉમદા સંસ્કૃતિ અને સંસ્કારિતાનો અમૂલ્ય વારસો આપણને આપ્યો છે. તેમના હકારાત્મક અભિગમ, આગવા વ્યક્તિત્વ અને ઉત્કૃષ્ટ સાહિત્યની આભાની ઓળખ અને સાધનાની સિદ્ધિએ વાચકો પર અદ્ભુત અને અનન્ય મોહિનિ વરસાવી છે. ડૉ. સુરેશભાઈમાં એવા અનેરા સત્વ, સ્વત્વ અને તત્વ હતા કે હૈયું હોંકારો દે અને નયનો ટપ ટપ નીતરે.

સંસ્થાની જીવન સૌરભ સમિતિના માનદ્‌મંત્રી **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ** ગુરુવર્ય સાથે અંગત ઘરોબો ધરાવતા. ભરપુરતાથી જીવન જીવનાર આ સાક્ષરમાં અભિવ્યક્તિની સચોટતા, તીવ્રતા અને વેધકતા હતી. એકાગ્રતા અને આંતરચેતના થકી તેમનામાં જીવનની નિર્મળ સ્વયમ્ભૂ સરિતા ખળખળ વહેતી. વાસ્તવિકતા અને વિશ્વસનિયતાની વ્યક્તિ હોવાને નાતે તેમના પ્રેમની પરબમાં વાત્સલ્યની મહેક ફોરમતી. જીવનની કાલ્પનિક વાસ્તવિકતા અને વાસ્તવિક કલ્પનાના તેઓ અધિપતિ હતા. તેમની જીવન ક્યારીમાં ગુલાબ અને ગુલમહોર સાથે મહોરતા અને મહેકતા!

**મુર્ધન્ય કવિ** અને કાવ્યજગતના ધ્રુવતારક મેધાવી બહુમુખી પ્રતિભા ધરાવતા ડૉ. **સુરેશભાઈ**એ હૈયાના શાંત-પ્રશાંત વૈભવથી ઈશ્વર સાથેનો સહવાસ અને પરમ તત્ત્વ સાથેનો પ્રાસ સાધ્યો હતો. આલાપ વિલાપ કે પ્રલાપ વિના અનેકવિધ કાવ્યસર્જનના સર્જક તરીકે ગુજરાતી સમાજને તેઓએ કૃતાર્થ કર્યો છે. સાહિત્ય સેતુના સર્જનહાર કવિ ક્યારેય સંતાપથી કે સમસ્યાથી સંકોચાયા નથી કે ખાલિપાને ખંખોળ્યો નથી. તેઓશ્રી સતત વ્યસ્ત રહેવા છતાં સમસ્ત સાથે સંકળાયેલા રહેતા. ઉગતા સર્જકોને તેઓ અવશ્ય અને અચૂક ખીલવાની અને ખુલવાની તક આપતા.

**શ્રી પાટણ જૈન મંડળ** સાથેનો ડૉ. સુરેશભાઈનો નાતો અતૂટ, અનન્ય અને અવિસ્મરણિય હતો. ૧૯૬૩માં એચ.આર. કૉલેજમાં ઈન્ટર કોમર્સમાં **શ્રી સુરેશભાઈ** મારા ગુજરાતીના પ્રોફેસર હતા. **'માણસાઈના દીવા' શ્રી દર્શક**ની નવલકથા પાઠ્યપુસ્તક તરીકે હતી. કૉલેજના વર્ગમાં હું સુરેશભાઈની દરેક ટીપ્પણી નોંધતો અને પરિક્ષામાં ઉંડાણપૂર્વક તેનું વર્ણન કરતો પરિણામે ચારે ડીવીઝનમાં મારી ઉત્તર પત્રિકા તેઓ બતાવતા અને વખાણતા. **શ્રી જ્યોતિન્દ્ર દવે**ની 'ઇહ્રા કીહ્રા' સંબંધમાં **ડૉ. સુરેશભાઈ**


## THE PATAN CO-OPERATIVE BANK

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in • Telefax : 22816513

**This is the first time in history of the bank to reach this record level of Net Profit.**

**Loan and Advance :**

1.Well defined credit policy with credit rating system. 2.Regular appraisal of Credit and benefit of lower rate of interest to the customers covered in "A" grade norms in advance. 3. Gold loan business started. 4. Advance against L C Discounting of surplus fund to gain higher rate of interest. 5. Credit policy and other investment policy as per the guidelines of Reserve Bank of India. 6.Special audit of documents of advance more than 25 lakhs to customers.7.Strict implementation and maintenance of KYC norms. 8. No new NPA during the year. 9. Control on Overdraft Limit and sanctioned only in emergency requirement.10. Recovery of old outstanding in locker rent account.

ADVT

**Achievement during FY 2011-12 of your bank**

**General**

**1. Highest Net profit (After tax ) Rs 1,10,88,496/-**

after making following provision:

| | | |
|---|---|---|
| **Profit before tax and depreciation** | | 184.07 |
| Depreciation | 10.58 | |
| BDD Provision | 13.02 | |
| Tax | 49.59 | 73.19 |
| **Net Profit after tax and depreciation** | | 110.88 |


[CONTINUED ON NEXT PAGE]

ઝેવિયર્સ કૉલેજમા મને મોકલતા!

મારા પ્રથમ કાવ્ય સંગ્રહ **'હૈયાનો સાદ'** અને દ્વિતીય કાવ્ય સંગ્રહ **'સ્પંદન'** માટે બે બોલ શ્રી સુરેશભાઈએ લખી મારા કાવ્યોને યથાયોગ્ય પ્રતિસાદ આપી મારી પીઠ થાબડી હતી. અંતમાં તેમના જ શબ્દોમાં **'એક રોકડા રૂપિયા જેવો માણસ પરચુરણ થઈ વેરાઈ ગયો.' અને કોઈપણ સ્મૃતિ વિસ્મૃતિના સાગરમાં વિલિન થતી નથી!**

વ્યાપક શબ્દ વૈભવના શિરમોર કવિ ડૉ. સુરેશભાઈની વાણી શીલમાંથી પ્રગટેલ શૈલી બની રહેતી. પ્રત્યેક હૈયાને ઝુમતા કરવાની અદ્વિતીય ક્ષમતા તેમનામાં હતી. રગેરગમાં પ્રસરેલી સાહિત્યની સાધનાએ તેમને લખલૂટ યશકીર્તિ અને અખૂટ માન-અકરામ, એવોર્ડસ્ અને પુરસ્કારો અપાવ્યા હતા. સાહિત્ય જગતના સહપ્રવાસીઓ અનેક વિશ્વવિભૂતિઓ અને મિત્રો તેમના જીવનનું અનિવાર્ય અંગ બની ગયા હતા. કાર્યક્રમોની વણઝારમાં કે કવિ સંમેલનમાં તેઓ સૌને મળતા, ખીલતા-ખુલતા અને ઝુલતા. પરમકૃપાળુ પરમાત્મા ગુરુવર્યને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના!

એક અદના સાહિત્ય સારથિને...શ્રદ્ધેય **ડૉ. સુરેશ દલાલને** શ્રદ્ધાંજલિ રૂપે...સપ્રેમ

## રાધાના શ્યામ

ગુલમહોર, કદમ્બના વૃક્ષ તળે મધુવનમાં,
પારિજાત અને રાતરાણી મહેકી રહી ચમનમાં,
મરકતા વાયરા અડવા અધિરા ઉપવનમાં,
વરસાદના વારિ છતાં, શાંત કોલાહલ મનમાં!
કદમ્બના વૃક્ષની છાંયમાં, બેઠી તમારી યાદમાં,
પગલી આમ જ કરવી'તી તો શેં પડ્યા પ્રેમમાં?
ગાયો ને ગોવાળિયાની વચ્ચે લપકતા આડાશમાં,
સરકતા'તા મેલી રાધિકાને મીલનની આશમાં!
દિવાસ્વપ્નમાં, મોહી રાધાજીને વાંસળીના સુરમાં,
હૈયું વલોવતી રાધા, ને તમે જમનાના પૂરમાં,
વેરાયેલા મોરપીંછને શોધતી મેઘધનુષમાં,
ઘેલી રાધાના શ્યામ, તમે વહેતા અશ્રુના ધોધમાં!

**☐ મહેન્દ્ર એન. શાહ (ગુંદરવાલા)**

## પ્રેરણાનો પગરવ

મુ. વંદનિય મોટાભાભી,

આજના તમારા ૯૭ વર્ષના જન્મદિને અમો સહુ તરફથી તમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

તમે સાથે હો કે જુદા રહેતા હો તમારી હયાતીનો લ્હાવો તો અમે સતત લેતા જ રહ્યા છીએ. જે સહજતાથી તમે સહુની સાથે સમભાવે વહેવાર જાળવતા રહ્યા છો, જે સ્વાભાવિકતાથી તમે વિવિધ સરસ વાનગીઓનો રસથાળ અમને પકડાવતા જ જતા તે બધા તમારા વાત્સલ્યના પ્રેમપડીકા તમારા સ્વભાવની સ્નેહાળતાનો અમને સારો પરિચય કરાવી ગયા છે. કોઈને ગમ્યું, ન ગમ્યુંની ઝાઝી પરવા કર્યા વગર તમે આપ સ્વભાવમાં જીવ્યા છો એમાં જ અમને સદાય સાચી આત્મિયતાના દર્શન થયા જ છે. ભાભી, તમે જાતમહેનત, પરિશ્રમ અને સન્માન સાચવીને જીવન જીવી બતાવ્યું છે. કપરા સંજોગોને વેઠી લેવાની આવડત તમારામાં આપબળે જ પ્રગટી એ બધા જીવતરના ઘસારાથી તમારૂં વ્યક્તિત્વ ઉજળું બન્યું છે. કસોટીકાળમાં પણ નાના મોટા આનંદ શોધી લઈ હસતા મોઢે જીવવાની કળા તમારી પાસે શીખવા જેવી હતી.

ભાભી, આપણા કૌટુંબિક ઇતિહાસના ઘણા પાના વાંચવા-વંચાવવા જોગા બન્યા છે. **જતીન**ના ઉછેર માટે તમે જેટલો ગર્વ લો તેટલો ઓછો છે-એનામાં બધા જ માનવીય મૂલ્યો વિકસી શક્યા છે એ તમારી અને મોટાભાઈની બલિહારી છે.

ભાભી હરસુખના વિદ્યાર્થીકાળના અને કૉલેજના આવવા જવાના ટાઈમ-બેટાઈમના કંટાળાભર્યા બે-ત્રણ વર્ષના સમય એમની બંને ભાભીઓના યોગદાનની વરવી હકીકતો કહી જાય છે. બધા દિયરોને ભાઈ-ભાભીઓના હેતની આટલી હુંફ આટલા લાંબા સમય સુધી નથી મળતી હોતી. તમને સહુને અમારી પ્રેમપુંજી ગણીએ છીએ.

ભાભી, તમે આવા જ રહેજો-તમે છો તેવા જ અમને ગમો છો. તમારામાંનુ તમારાપણું અમારે માટે મુલ્યવાન છે. ઈશ્વર તમને સ્વસ્થ દિર્ઘાયુ બક્ષે અને આપણા પારિવારિક મેળાવડામાં તમારું સ્થાન સદાયે અમને પ્રેરણા આપતું રહે.

**☐ ચંદ્રાના પ્રણામ**

(**પૂ. ચંદ્રાવતીબેન ભગવાનદાસ શાહ**ના તા. ૧૧-૮-૨૦૧૨ના રોજ અવસાન પહેલા લખાયેલ પત્ર)

**[CONTINUED FROM PREVIOUS PAGE]**

**Assets And Funds :** 1.Recovery of NPA in certain cases through regular follow up where decree was awarded but never executed. 2.Sales of GOI bonds of lower rate to mobilize fund to earn higher income.

